[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નકલ ૧૦૦૦

# રાધિકાજીનું રૂસણું

અષ્ટોહરા

ચહી.

ઊદ્ધવ રાધા સંવાદ.

**અબોલા તોડવા વિશેનો.**

વૈશ્નવિ સંપ્રદાઈને સારૂ

બનાવી પ્રસિદ્ધ કરનાર.


કવિ જટાશંકર ગવરીશંકર મેહેતા.

લીંબડી.



**અમદાવાદ:**

ખાડીઆમાં અમરતલાલના માહાદેવમાં મેહેતાજી પીતાંબરદાસ ત્રિભોવનદાસે પોતાના હિતેચ્છુ પ્રેસમાં છાપ્યું.

સને ૧૮૭૮.

કિંમત ૨ આના.

## કવિકુળ પદ્ધતિ.

### છપ્પો.

બ્રાહ્મણ ઔદિચ્ય સહસ્ત્ર, અડક ઠાકર પદ છઉં;
સર્વે ઝાલાવાડી ગોત્ર, વત્સસ્યજ પડું;
પંચ પર્વ માધ્યની શાખ દ્વીજ યજુર વેદા,
એક દંત ગણપતિ ભદ્રકાળિ દેવી હા;
કાળ ભૈરવ છે ભૈરવને જક્ષ વિરેશ્વર જગ છતો,
સરમા પ્રથિવ ગણી પ્રેમથી, પદ્ધતિ એ રીત પ્રસિધ્ધ લ્યો.

કવિ શિવલાલ ધનેશ્વર ઉત્તરસંડા નિવાશી.

મુંબાઈ.

આ લઘુ ગ્રંથ તેમના માયાળુ સ્વભાવને માટે નજર કર્યો છે.

(ગ્રંથ કર્ત્તાએ.)

લીંબડી
માહાલક્ષ્મી ગલી.

# રાધિકાજીનું રૂષણું.

## અબોલા તોડવા.

### ઊદ્ધવ વચન— (૧) પદ.

માન્ય માન્ય માન્ય હો માન્યનીરે;
હિત શિક્ષા આ સારી મારી માન્યની;
પ્રેમે કહું છું પ્રીતજ આણી;
શાણી થા સજ વધુ તાણનીરે; હિત—
માન્ય માન્ય માન્ય હો- માન્યનીરે; હિત—
માન થવા જોને વિઠ્ઠલ વરતું;
સમો સાધવા ગુણ ખાણનીરે; હિત—
માન્ય માન્ય માન્ય હો- માન્યનીરે; હિત—
ઉઠ ઉમંગે આનંદભેર આ ઘડી;
વેળા વિતે તેટલી બધી હાણનીરે, હિત—
માન્ય માન્ય માન્ય હો- માન્યનીરે; હિત—
આંગણે આવી ઉભા નંદલાલો ક્યારના;
જઈ ભેટ ભાવે બ્રખભાનનીરે, હિત—
માન્ય માન્ય માન્ય હો- માન્યનીરે; હિત—

## રાધિકાજી વચન (૨) પદ.

જાય જાય જાય હો- જાયનીરે;
પેલી કૂબજાને મોલ હરી જાયની,—
નફ્ફટ ન લાજ્યા આવ્યા સીદ મારે આંગણું;
બોલાવતાંય લજવાયનીરે, પેલી—
જાય જાય જાય હો- જાયનીરે; પેલી—
પાણી પીધા પછી શું ઘર પુંછવું;
બોલિ ભોળાણી બાળાપણ માંયનીરે, પેલી—
જાય જાય જાય હો-. જાયનીરે- પેલી—
નગણાશું નેહ બેવચની નિવાજવું;
બળે પતંગ દીપને મન કાંયનીરે, પેલી—
જાય જાય જાય હો- જાયનીરે; પેલી—
મોહન વશ મન મારૂં કાહાવે ના મૂખડું;
જદા બોલું છું હું બળી લાયનીરે, પેલી—
જાય જાય જાય હો- જાયનીરે, પેલી—

---

## ઉદ્ધવ વચન (૩) પદ.

જાણી જાણી જાણી હો- જાણીરે;
બોલ્યા વિના રહે રાધા છાંની જાણી,—
મનમાં બળવું શે, મૂખ ન આણે;
ભાર રાખી શાને થા અજાણીરે, બોલ્યા—

જાણી જાણી જાણી હો જાણીરે; બોલ્યા—
અજાણ્યા આગે એ ચાલે ચાતુરી;
પુરી પારખી મેં હાં! શું શાણીરે, બોલ્યા—
જાણી જાણી જાણી હો જાણીરે; બોલ્યા—
ઘેલાં થઈ કોણ કોના વર કાજે;
બેસી રેહેતાં વાટે લઈ એંધાણીરે બોલ્યા—
જાણી જાણી જાણી હો જાણીરે, બોલ્યા—
ચોપે તું ચાલ ચાહી, ચતૂર ભુજને;
જશ હરખે ભેટ હોંસ આણીરે, બોલ્યા—
જાણી જાણી જાણી હો- જાણીરે; બોલ્યા—

---

## રાધિકાજી વચન (૪) પદ.

શાને શાને શાને હો- શાનેરે;
આવ્યા ઉદ્ધવ સમજાવા શાને;
આપે આપનું વિચારીને વદિયે;
જાણીયે સૌ કાંમાં કીધા શ્યામેરે, આવ્યા—
શાને શાને શાને હો- શાનેરે; આવ્યા—
વાટે વનીતાઓમાં વળી વિઠ્ઠલ;
નાંખે મુરલી ત્રિકમજી તાનેરે, આવ્યા—
શાને શાને શાને હો- શાનેરે; આવ્યા—
બાળાપણે આવડું મેં ન જાણ્યું;

કુજણું એટલું દૂધ અનુંમાનેરે, આવ્યા—
શાને શાને શાને હો- શાનેરે; આવ્યા—
સમજયા તહાંથીજ સવાર જાણી;
જટા ભૂધર વણ કાહ્નુ ભવ પ્રાણિરે, આવ્યા—
શાને શાને શાને હો શાનેરે: આવ્યા—

———o———

### ઉદ્ધવ વચન (૫) પદ.

માંને માંને માંને હો- માંનેરે;
રાધા શાને રહે તું માંને,—
પાણી પેલા પાળ આપે ન રચિયે;
રોકવા શામે પૂર મથી તાંનેરે, રાધા—
માંને માંને માંને હો- માંનેરે; રાધા—
ઘર લાગ્યા પછીથી કૂપ ખણિયે;
પેર થાયે શી? બૂઝવીયે લાનેરે, રાધા—
માંને માંને માંને હો-માંનેરે; રાધા—
અગમ ચેતિયે ચતૂર થઇને;
પસ્તાયે શું થાય પડયા પાનેરે રાધા—
માંને માંને માંને હો- માંનેરે; રાધા—
મન ક્રમ વચને વશ કરિયે;
જટા સરે અરથ મન માને રે; રાધા—
માંને માંને માંને હો, મને રે; રાધા—

———o———

## રાધિકાજી વચન (૬) પદ.

જીવન જીવન જીવન, હો—
મનના માન્યા જગજીવન—
માત તાત સગાં સહોદર મહિયર,
સૈયર સાથ તજ્યા સારૂ જીવન હો; મનના—
જીવન જીવન જીવન હો, મનના—
તન મન ધન આપે અરપિયાં;
ખપ્યા ખુટલમાં આજ જીવન હો, મનના—
જીવન જીવન જીવન હો; મનના—
લાજ મુકી અમ લોકડિયાની,
કાનો વધે છળિ ગયા જીવન હો; મનના—
જીવન જીવન જીવન હો, મનના—
હાથનાં કર્યાં તે હૈયેજ વાગ્યાં;
જરા પણ લઈ પતાવ્યા જીવન હો, મનના—
જીવન જીવન જીવન હો; મનના—

---

## ઊધ્ધવ વચન (૭) પદ.

રાધાજી રાધાજી રાધાજી હો;—
તમ પેર ન જાણો રાધાજી—
ગઈ તથી તે તો જોષિય ન વાંચે;
સમો તેવું વરતવું રાધાજી હો, તમ—

રાધાજી રાધાજી રાધાજી હો, તમે—
પ્રીતિ બંધને પ્રિતમ બંધાયે;
ભાવે થાયે ભૂધર વશ રાધાજી હો, તમે—
રાધાજી રાધાજી રાધાજી હો, તમે—
વિદુરજી ઘર આરોગ્યાં ભાજી;
તજ્યા ત્રિકમે પકવાન; રાધાજી હો તમે—
રાધાજી રાધાજી રાધાજી હો તમે—
કરૂપી કૂબજાને વશ કાનડ;
જટા ગુણે ગોવીંદ વશ, રાધાજી હો, તમે—
રાધાજી રાધાજી રાધાજી હો; તમે—

—— ० ——

## રાધિકાજી વચન (૮) પદ.

ઉધ્ધવ ઊધ્ધવ ઉધ્ધવ હો,
ઢાંક્યા રહો જાણ્યા ઢંગ, ઉધ્ધવ—
ગોવાળાને ગત ગુણની કયાંથી;
ચારે ગોવીંદજી ગાઉ ઉધ્ધવ હો, ઢાંક્યા—
ઊધ્ધવ ઊધ્ધવ ઉધ્ધવ હો; ઢાંક્યા—
એહેડેજ આપે આરડે અરણમાં;
શી રીત લે ગુણ ગણુ ઊધ્ધવ હો, ઢાંક્યા—
ઊધ્ધવ ઉધ્ધવ ઊધ્ધવ હો; ઢાંક્યા—
છાસડી પી પીને છતે છવાયા,

જદુપતી છે મારા જાણ્યા ઊધ્ધવ હો, ઢાંક્યા—
ઊધ્ધવ ઊધ્ધવ ઊધ્ધવ હો, ઢાંક્યા—
સંસારીયાંની રીત શું જાણે;
જટા ગૌ ચારી આવે ઘેર ઊધ્ધવ હો, ઢાંક્યા—
ઊધ્ધવ ઊધ્ધવ ઊધ્ધવ હો, ઢાંક્યા—

—o—

## ઊદ્ધવ વચન (૯) પદ.

સમજુ સમજુ સમજુ હો,
રાધા નોતી જાણી આવી સમજુ;
ડાહાપણની હા! તું દરિયાવ દીસે,
ભૂંડી ભુલી! ભોળાણી તું, સમજુ હો, રાધા—
સમજુ સમજુ સમજુ હો, રાધા—
જાણતી તો શાને માટે મોહ્યું મન;
ઊઠી ડાહાપણમાં વાટ, સમજુ હો, રાધા—
સમજુ સમજુ સમજુ હો. રાધા—
રાધા રાખો હા! ડાહાપણ જાયે વેરાઈ;
કાન મોહ્યા શું? ડાહાપણે સમજુ હો રાધા—
સમજુ સમજુ સમજુ હો રાધા—
ડાહાપણે મોહ્યા તે માણો છો શાપણે,
જટા થાની પ્રિતમ વશ, સમજુ હો રાધા—
સમજુ સમજુ સમજુ હો રાધા—

—o—

## રાધિકાજી વચન (૧૦) પદ.

મોહને મોહને મોહને હો—
મને ઝીપેલાં કામણ મોહને;
શ્યામ વરણ છબી છેલ છબીલી—
મનહરણ મુરત મોહને હો મને—
મોહને મોહને મોહને હો મને—
મોર મુગટ શીરે શોભાની સિમા;
મારી હરાણી સુરત મોહને હો મને—
મોહને મોહને મોહને હો મને—
નેહ ભર્યા નેણાંના નખરાં જોઇ;
ફશી ફસાણી ફંદમાં મોહને હો મને—
મોહને મોહને મોહને હો મને—
જદુપતી નોતા જાણ્યા મેં જુઠડા—
હશે રૂપ તેવા ગુણ જડ્યા મોહને હો મને—
મોહને મોહને મોહને હો મને—

—o—

## ઉધ્ધવ વચન (૧૧) પદ.

બોલમાં બોલમાં બોલમાં હો—
રાધા નોતું બાળાપણ બોલમાં—
મહિડાં વેચવા વાટે વળાતાં—
કયાતા કેણ કાના શું તોડમાં બોલમાં હો રાધા—

બોલમાં બોલમાં બોલમાં હો રાધા—
મળવા આવતાં માનને ,માગે—
જતાં મુકે પાછે આવે બોળમા બોલમાં હો રાધા—
બોલમાં બોલમાં બોલમાં હો રાધા—
આંબળો રાખી કાં આપે આકુરા—
આવી વસ્યા માવાના બોલમાં બોલમાં હો—
જેના વડે જીતવું જંગ આ શો—
જગ્ર મિથ્યા ભરમ ભાર બોલમાં બોલમાં હો રાધા—
બોલમાં બોલમાં બોલમાં હો રાધા—

---

## રાધિકાજી વચન (૧૨) પદ.

સમજે સમજે સમજે હો—
લાગે સહુ મનમાં સમજે.
અણુ સમજે ઊર ન આવે,
વરતી વિવેકે વિચારી સમજે હો લાગે—
સમજે સમજે સમજે હો લાગે—
બચપણમાં બહુધા બબડીએ,
સુધિ મોટપે વદી વેણ સમજે હો લાગે-
સમજે સમજે સમજે હો લાગે—
અજ્ઞાનતાએ આવ્યું આગે—
જ્ઞાન વૃદ્ધિ થયે આજ સમજે હો લાગે—

સમજે સમજે સમજે હો જાગે—
જોઈ જોઈને જોઉંછું તો જોતાં,
જુઠા જદુ પતિ જઠા સમજે હો જાગે—
સમજે સમજે સમજે હો જાગે—

---

## ઊદ્ધવ વચન (૧૩) પદ.

ડાહાપણ ડાહાપણ ડાહાપણ હો
જાણ્યું સહુ રાખો ડાહાપણ,
ડાહાપણે જાયે સૌ સમજે કાચું,
હૈયાના ફુટ્યા છે ભોળાપણ હો જાણ્યું—
ડાહાપણ ડાહાપણ ડાહાપણ હો જાણ્યું—
રીસાયે રીઝે ન આમ ગીરીધર
રહો પ્રભુ કેણુ છે ભોળાપણ હો જાણ્યું—
ડાહાપણ ડાહાપણ ડાહાપણ હો જાણ્યું—
બળ કરીયે ન બળિયાની સંગે,
વરતીયે વળે છે ભોળાપણ હો જાણ્યું—
ડાહાપણ ડાહાપણ ડાહાપણ હો જાણ્યું—
હાથ હેઠે આવે ત હેઠવડીયા
કામ કાઢી ફળે છે ભોળાપણ હો જાણ્યું—
ડાહાપણ ડાહાપણ ડાહાપણ હો જાણ્યું—

---

## રાધિકાજી વચન (૧૪) પદ.

અજાણ્યાં અજાણ્યાં અજાણ્યાં હો,
બનીજાઓ કાં ઊર્ધ્વ અજાણ્યાં;
જદુપતીછે તમારા જાણ્યાં અજાણ્યા હો બની—
પરાણે પ્રિત ના જોઈ મન મળીયે
ભાવ ભાળિ રહીયે ભીડાણું અજાણ્યાં હો,
જદુપતીછે તમારા જાણ્યાં અજાણ્યાં હો બની—
પરાણે પ્રીત વીપ્રિત કહાવે
મોત વશે પતંગ દીપે જાણ્યાં અજાણ્યાં હો બની—
જદુપતીછે તમારા જાણ્યાં અજાણ્યાં હો બની—
ધાઈ ધાઈ મળવે શું ભલાઈ
વિનાં ભાવે કાં ફરીયે ભમાણા અજાણ્યા હો બની—
જદુપતીછે તમારા જાણ્યાં અજાણ્યાં હો બની—
જટા પારખી પ્રીતમ મન દેખી મળવું
જદુપતી પેખ્યા ખોટા નાણાં. અજાણ્યાં હો બની—
જદુપતીછે તમારા જાણ્યાં. અજાણ્યાં હો બની—

—o—

## ઊદ્ધવ વચન (૧૫) પદ.

મિથ્યા મત શાનેરે, મમતમાં કરી મચેરે;
આપ એવું જગત રાધા જણાય—
અનુંમાન આવેરે, વૃતિવશ વલણુછેરે;

આહાર તેવો ઓડકાર છવાય મિથ્યા આપ—
કંટક ગુલાબેરે, લહિયે ફુલગુણ ગણીરે;
દોષ દીસે કંટક એમ કદાય—
લાહાવોતો નાં લહિયેરે, ફુલબાશ ફોરનોરે;
આડાપણે ઊલટું સુખ તજાય મિથ્યા આપ—
ભજવે ભલાઈરે, લીધો વેશ લખાવશારે;
પણ ભજવે વેશ હાંસી થાય—
પેખી પાગ માંડીરે, શોચ કશો પંથ પાચારે;
વન પડયા વિલપે કશું ન વળાય મિથ્યા આપ—
છછુંદર શાહયેરે સંતાપછે સાપનેરે—
ગળે મૃત્યુ, મુકે અંધજ થાય—
રાચી જટા રહીયેરે ગોવીંદ ગણ ગુણનેરે;
વિરોધથી વિઠ્ઠલ વશ ન થાય મિથ્યા આપ.—

## રાધિકાજી વચન (૧૬) પદ.

ઊધ્ધવજી અવગુણ આપે ન આવે,
ઊધ્ધવજી પરગુણ દોષ બતાવે;
ઊધ્ધવજી પક્ષ કરી નવ વદિયે,
ઊધ્ધવજી વિચારી જોઈયે રદિયે;
ઊધ્ધવજી જાણી કાં થાઓ અજાણ્યાં,
ઊધ્ધવજી આવી શું કો હાર્યાં માણ્યાં;

ઊધ્ધવજી બળવંત બોલથી બળિયે;
ઊધ્ધવજી અબળા અમે તે શું કરીયે,
શામળિયા વાલાએ દુભવ્યા કાંસું.
શામળિયા વાલાએ વાહ્યા વિશ્વાસુ,
શામળિયા વાલાએ કાં બણુ વાંકે;
ઊધ્ધવજી તજ્યા આપ વિચારો કાંકે.
ઊધ્ધવજી સારા નરશાનો ન ટાળો,
ઊધ્ધવજી તજ્યા વેરી વશ પ્રભુ વારો;
ઊધ્ધવજી તજ્યા તો શાને પડી મરીયે,
ઊધ્ધવજી અંતર ત્યાં જટા નવ ઠરીયે.

---

## ઊદ્ધવ વચન (૧૭) પદ.

અંતર ક્યાંથી એકમાં આવી સમાયે રાધાજી.
ડાંગે માર્યાં પાણી જુદાં નવ થાયે રાધાજી.
અર્ધાંગે છેહ સદા દુખદા એ રાધાજી.
જડયા માથા સરખા વળે કશું કાયે રાધાજી.
સંબંધ સાથમાં દેહ છોય સદાયે રાધાજી.
પડાયે ન જુદું વણુ માતે કદાયે રાધાજી.
પરછે આપ પરણી તેને, શે થાયે રાધાજી.
મિથ્યામત આડપે કાં અથડાયે રાધાજી.

## રાધિકાજી વચન.

આંગણુ આવી ઉભા શાને અલબેલા ઉધ્ધવજી
અંતર એને અમથી દીસે મન મેલા ઉધ્ધવજી
અંતર જામી અંતરની ગત જાણુ ઉધ્ધવજી
ઓશારો તો શાને આણો આવી માણો ઉધ્ધવજી
મોહન વર માથાનાં મુગટ મારે ઉધ્ધવજી
સોપ્યું સરવસ્વ તજીયાં મુરારે ઓધ્ધવજી
કાયા કૃશ જુઓ આ કૃષ્ણ વિયોગે ઉધ્ધવજી
જશા જદુનાથ મળે કોણ યોગે ઉધ્ધવજી

---

## કૃષ્ણજી સહુ મેવેશ.

### ઉદ્ધવ અદર્શ થવું.

### પદ.

પુરૂષોતમ પ્રેમાનુસરતા,
કરૂણાનુ ભવ ભાવટ હતાં;
રાધા ભાવ થકી ભૂલતાં
જગજીવન પ્રભુ પ્રેમાકર્ષ, ભેટયા આનંદી સહર્ષ;
ઉધ્ધવ આપ થયા અદર્શ, રાધા ઊર ઉમંગ્યો હર્ષ.

---

## પ્રભાતિ.

પ્રેમ વશ પાશમાં ઉર હુલાસમાં,
રાધિકા રાધવે ઉર આણી;
ભૂધરને ભાવથી ભેટી ભ્રખુભાનની,
જદુપતી જગજીવન જાણી.
તોડીયાં તંતુ દંટા તણાં ત્રિકમે,
પ્રિતમ પ્રીતના હાર પ્રોયા;
રાધિકા રવતણી રશિક વશ થઇ રહી,
મન સંકલ્પ વિકલ્પ ખોયા.
ઓધ આનંદના રાધિકા વંદના,
બાલ મુકુંદનાં પ્રેમ પ્રાશી;
વસ્ત્રાભૂશણ અંગના વીવિધ શું રંગનાં.
સોભીતા સંગના સુખરાશી;
મુગટ મણીચંદના સુખદ પ્રતિબંબના,
મોર પીછ રંગી બેરંગી રાજે;
રાધિકા રૂપ રળીઆમણું રાજતું,
એક જિંહા શું વરણું શેષ લાજે.
નંદન નંદનના રાધિકા ફંદના,
હાસ્ય અવલંબનાં વેણુ વાજે;
ચતુર દશ ચારે ચીત મોર ધ્વની સુખમય,
મન હરણ હાસ્ય વિનોદ છાજે.

સુખમય સર્વદા કષ્ટ નાવે કદા,
ભક્તિભાવે ભુધર નેહ નાવે;
રાધિકા ત્રીભુવન ટટ તરતીખ તરી,
જટા ભવાબ્ધિ તરીયે સુભાવે.

સમાપ્ત.

# ખબર પત્રીકા.

## પુસ્તકોની નોંધ.

( છપાયેલી તૈયારછે. )

લીંબડી વિદ્યાવર્ધક સભાના સભાસદોને સુચના ૦-૧-૦

મેઘરાજ સ્વર્ગ ગમન (વળા દરબારશ્રી મેઘરાજજી
પ્રથિરાજજી પડ્યા તેનું બયાન.) ૦-૧-૬

કૌમુદ્ય શોધ (રેશિકાશીગયુંતેજકોકેરણી.) ૦-૨-૬

કુમારિકા હિતોપદેશ (ગીતાવળી.) ૦-૨-૬

રાધિકાજીનું રૂશણું (ઉધવ રાધા સંવાદ) ૦-૨-૦

હરી હર લીલા વિસ્તાર (ગરૂડ નાંન્દિ સંવાદ) ૦-૬-૦

**અદ્યપદ્યાત્મક.** ( ગરથ વિના ગોથાયછે. )

(હાસ્યરસ) કુભારજા નાટક (ત્રિઅંકી)

વલ્લભિ વૈધવ ચિત્ર (વળા ગર્ભપાત થવું).

" નિંબપૂરી મદન મદમરદન વિતારોપાદર્શ "

**( યશવંત જયવિજય. )**

અન્યોક્તિ વિષય.

**પદ્યાત્મક.** (લખાયછે.)

"ચોવિસાગી" કળિ આખ્યાન (નળાખ્યાનના આકારમાં)

મૈત્રિ પ્રભાવ (સુદામા દાળિદ્રદર્પણ.)

દંપત્તિ વિરહ ( દક્ષ યજ્ઞાવશરે શિવ નિંદાથી સતિ દેહ
દહન થવા સંબંધી વ્રતાંત.)

સત્ય વિજય માળ શૌર્ય સીઢી. ( મહાન પુરૂષ હરિ-
શ્ચંદ્ર વ્રતાંત.)

મે. જ. ગ.

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]